For live updates : Like /Gujaratmitra | Follow /Gujaratmitra | /Gujaratmitr | Subscribe /Gujaratmitra | /Gujaratmitra | www.gujaratmitra.in

# આખરે 3 વર્ષે મેટ્રોની ટનલ ખોદાઈ

**કાપોદ્રાથી** શરૂ કરીને છેક ચોકબજાર સુધી 6.47 કિ.મી.માં મેટ્રોને અંડરગ્રાઉન્ડ દોડાવવા માટે ટનલ ખોદવાની કામગીરી હાથ ધરાઈ હતી

**ટનલ** ખોદવા માટે પ્રથમ ટીબીએમ મશીને જાન્યુ., 2023માં કાપોદ્રામાં કામગીરી શરૂ કરી હતી

**ટીબીએમ** દ્વારા ટનલની કામગીરી 10મી ફેબ્રુ. ના રોજ મંગળવારે રાત્રે 8-45 કલાકે પૂરી કરાઈ







(તસવીર : સતીષ જાદવ, હેમંત ડેરે)

સુરતઃ સુરતમાં ચાલી રહેલી મેટ્રો રેલ પ્રોજેક્ટની કામગીરીમાં ચાર વર્ષના અંતે સુરતમાં મેટ્રો માટે 6.47 કિ.મી.ની ટનલ ખોદવાની કામગીરી ચાર વર્ષને અંતે આજે પુરી કરવાની સાથે એક સિમાચિન્હરૂપ સફળતાં હાંસલ કરવામાં આવી હતી. ટનલ ખોદવા માટેની કામગીરી બે પેકેજમાં કરવામાં આવી હતી. જેમાં પેકેજ-1માં ટીબીએમ મશીનને ડિસે., 2022માં કાપોદ્રા પાસે જમીનમાં ઉતારવામાં આવ્યું હતું. અને જાન્યુ., 2023ના રોજ તેણે ટનલ ખોદવાની કામગીરી શરૂ કરી હતી. જે આજે ત્રણ વર્ષના અંતે ચોકબજાર પાસે પુરી થઈ હતી. ચોકબજારમાં ટનલ બાદ સીધું અંડરગ્રાઉન્ડ મેટ્રો સ્ટેશન આવશે અને ત્યાંથી આગળ મેટ્રો જમીનમાંથી બહાર નીકળી જશે. મોટાભાગની ટનલમાં આરસીસી તેમજ ટ્રેક બિછાવવાની કામગીરી પણ કરી દેવામાં આવી છે. આગામી દિવસોમાં ટનલના અન્ય ભાગોમાં આરસીસી તેમજ ટ્રેકની કામગીરી પુરી થતાં જ મેટ્રો રેલ માટેની ટનલની કામગીરી પુરી થઈ જશે. સુરતમાં મેટ્રો રેલ જમીન પર, અંડરગ્રાઉન્ડ અને એલિવેટેડ રીતે દોડશે. જેમાં કાપોદ્રાથી શરુ કરીને ચોકબજાર સુધીનો વિસ્તાર સુરતનો ...અનુસંધાન પાના 7 પર

## મેટ્રોની અપ અને ડાઉન ટનલ તૈયાર, હવે ટ્રેક લેઈંગ, સિગ્નલિંગ અને ઈલેક્ટ્રિકની કામગીરી કરાશે

### મેટ્રો માટે ટનલ ખોદવાના અંતિમ તબક્કામાં જમીનમાં ધ્રુજારીને કારણે કામગીરી અઘરી રહી

છેલ્લા કેટલાક અઠવાડિયા સુરત મેટ્રો માટે અને ખાસ કરીને રેલવે સ્ટેશનથી ચોકબજાર વચ્ચેના રહીશો માટે ખૂબ જ તણાવપૂર્ણ રહ્યા હતા. જેમ જેમ ટીબીએમ મશીન જમીન લેવલની નજીક આવતું ગયું, તેમ તેમ જમીનમાં ધ્રુજારી (વાયબ્રેશન)નું પ્રમાણ વધવા લાગ્યું હતું. સુરતના ચોકબજાર, શાહપોર, નદી તટના વિસ્તારોમાં વર્ષો જૂનાં અને જર્જરિત મકાનોને કારણે આ કામગીરી અત્યંત જોખમી હતી. તંત્ર દ્વારા સાવચેતીના ભાગરૂપે અનેક મિલકતો ખાલી કરાવવામાં આવી હતી અને લોકોને સુરક્ષિત સ્થળે ખસેડાયા હતા. કેટલાક ઠેકાણે આ કામગીરીને કારણે ખાડાઓ પણ પડ્યા હતા. ટેકનિકલ ભાષામાં જેને 'રીટ્રાઈવલ શાફ્ટ' કહેવાય છે, ત્યાં સુધી પહોંચતી વખતે મશીન જ્યારે ઉપરની સપાટી તરફ આવે છે ત્યારે દબાણને કારણે આસપાસના સ્ટ્રક્ચર્સ પર તેની અસર થતી હોય છે.

સુરત મેટ્રોમાં બે મોટા કોન્ટ્રાક્ટરો દ્વારા અંડરગ્રાઉન્ડ કામગીરી કરવામાં આવી હતી. ગુલેમાર્ક-સેમ ઇન્ડિયા જેવી કંપનીઓએ પેકેજ-1માં કાપોદ્રા બાજુનું કામ વહેલું આટોપી લીધું હતું. જ્યારે પેકેજ-2માં જે. કુમાર ઇન્ફ્રાપ્રોજેક્ટ્સ દ્વારા સ્ટેશનથી ચોકબજાર વચ્ચેની જટિલ કામગીરી હાથ ધરાઈ હતી. અંડરગ્રાઉન્ડ સેક્શનમાં હવે અપ-લાઇન અને ડાઉન-લાઇન બંને ટનલ એકબીજાને સમાંતર તૈયાર થઈ ગઈ છે. આ ટનલની અંદર હવે ટ્રેક લેઈંગ, સિગ્નલિંગ અને ઇલેક્ટ્રિકલ કામગીરી શરૂ થશે. અંડરગ્રાઉન્ડ ટનલનું કામ પૂર્ણ થવું એ સુરત મેટ્રો માટે સૌથી મોટો પડાવ હતો. જમીનની નીચે 20થી 25 મીટરની ઊંડાઈએ રહીને શહેરના ટ્રાફિકને જરા પણ ખલેલ પહોંચાડ્યા વગર આ કામ પૂર્ણ થયું છે. હવે આગામી દિવસોમાં સ્ટેશનોના ફિનિશિંગ અને ટ્રેન ટ્રાયલ રન તરફ ધ્યાન કેન્દ્રિત કરવામાં આવશે.

### પેકેજ-1માં ચોકબજારથી સુરત રેલવે સ્ટેશનની ટનલ ખોદવા બે ટીબીએમનો ઉપયોગ કરાયો

- મેટ્રો માટેના પેકેજ-1 ફેઝ-1માં સુરત રેલવે સ્ટેશનથી મસ્કતિ હોસ્પિટલ થઈને ચોકબજાર સુધી અંડરગ્રાઉન્ડ ટનલની કામગીરી કરવાની હતી.
- કોન્ટ્રાક્ટર જે. કુમારને 2021ના વર્ષમાં આ પેકેજમાં 3.56 કિ.મી. લાંબી ટનલ બનાવવાની કામગીરી સોંપવામાં આવી હતી
- આ પેકેજમાં TBM મશીનને ડિસે., 2022માં સુરત રેલવે સ્ટેશન પાસેના શાફ્ટમાં ઉતારવામાં આવ્યું હતું.
- હાલમાં ફેબ્રુ., 2026માં આ કામગીરી પુરી થઈ

### TBMની અંતિમ કામગીરી દરમિયાન મ્યુનિ.કમિ., પો.કમિ. સહિતના ઉચ્ચ અધિકારીઓ હાજર રહ્યા

ટીબીએમની કામગીરી પૂર્ણ થવાની હોય, મનપા કમિશનર નાગરાજન, પોલીસ કમિશનર ગેહલોત, મનપાના ઉચ્ચ અધિકારીઓ સ્થળ પર હાજર રહ્યા હતા. અને મેટ્રોના તમામ અધિકારીઓ અને સંપૂર્ણ ટીમ આતુરતાથી ટીબીએમ બહાર આવવાની રાહ જોઈ બેઠા હતા. સૌ કોઈએ ટીબીએમ બહાર આવતાં જ આ ક્ષણને વધાવી લીધી હતી.

### અંડરગ્રાઉન્ડ ટનલના ખોદકામ માટે પેકેજ-1 ફેઝ-1ની કામગીરી 2022માં શરૂ કરાઈ હતી

- મેટ્રો માટેના પેકેજ-2 ફેઝ-1માં કાપોદ્રા, લાભેશ્વર ચોક, સેન્ટ્રલ વેરહાઉસથી રેલવે સ્ટેશન સુધી ટનલ ખોદવાની કામગીરી કરવાની હતી
- કોન્ટ્રાક્ટર ગુલેમાર્ક અને સેમ ઇન્ડિયાના જોઈન્ટ વેન્ચરને 2022માં આ 3.46 કિમી.ની ટનલની કામગીરી સોંપવામાં આવી હતીત
- આ પેકેજમાં ટનલ ખોદવા માટે બે TBM 'નર્મદા' અને 'તાપી' નો ઉપયોગ કરવામાં આવ્યો
- આ મશીનો દ્વારા ટનલ બનાવવાની શરૂઆત જાન્યુ., 2022માં કાપોદ્રાથી કરવામાં આવી હતી.
- જાન્યુઆરી-2024માં 'નર્મદા' ટીબીએમ દ્વારા કાપોદ્રાથી લાભેશ્વર ચોક સુધીની 1.5 કિમીની ટનલનું કામ પુરૂં કરી દેવાયું
- માર્ચ-2024માં 'તાપી' ટીબીએમ દ્વારા લાભેશ્વર ચોકથી સેન્ટ્રલ વેરહાઉસ સુધીની ટનલ પુરી કરી દેવામાં આવી
- 25 સપ્ટે., 2024ના રોજ 'તાપી' ટીબીએમ દ્વારા સેન્ટ્રલ વેર હાઉસથી સુરત રેલવે સ્ટેશન સુધીની ટનલ ખોદવાની કામગીરી પુરી કરવામાં આવી
- આશરે 21 મહિનામાં જ કાપોદ્રાથી શરુ કરીને છેક સુરત રેલવે સ્ટેશન સુધીની ટનલ ખોદવાની કામગીરી પુરી કરી દેવામાં આવી

### સુરત મેટ્રો રેલ અપ અને ડાઉન ટ્રેક પર 40.35 રનિંગ કિ.મી.માં દોડશે

સુરત મેટ્રો રેલ પ્રોજેક્ટ કુલ 40.35 કિલોમીટરના વિસ્તારમાં સાકાર થઈ રહ્યો છે. આ પ્રોજેક્ટમાં બે મહત્ત્વના કોરિડોર (રૂટ) બનાવવામાં આવી રહ્યા છે, જેમાં ડ્રીમ સિટી (ખજોદ)થી સરથાણા, આ રૂટની કુલ લંબાઈ આશરે 21.61 કિલોમીટર છે. એમાં ડ્રીમ સિટીથી કાદરશાની નાળ સુધીનો રૂટ એલિવેટેડ (ઉપર) છે, જ્યારે ચોકબજારથી કાપોદ્રા સુધીનો અંદાજે 6.47 કિલોમીટરનો ભાગ અંડરગ્રાઉન્ડ તૈયાર કરવામાં આવ્યો છે. અહીં અપ અને ...અનુસંધાન પાના 7 પર

# હરિપુરામાં ગીઝરના ગેસથી ગૂંગળાઈ જતાં એક જ પરિવારના ત્રણનાં મોત

**સોંચ** શેરીમાં દંપતી અને 12 વર્ષના પુત્રના મૃતદેહ મળી આવ્યા

**પોસ્ટમોર્ટમમાં** CO પોઇઝનિંગનાં લક્ષણો જોવા મળ્યાં; પોલીસે વધારે તપાસ શરૂ કરી









સુરતઃ હરિપુરા વિસ્તારમાં સોંચ શેરી પાસે મંગળવારે સવારે એક દંપતી અને તેમના 12 વર્ષના પુત્રના મૃતદેહ રહસ્યમય સંજોગોમાં ઘરમાંથી મળ્યા હતા. પ્રાથમિક તપાસમાં ગેસ ગીઝરમાંથી કાર્બન મોનોક્સાઇડશ્વાસમાં જતા ગૂંગળામણ થઈને ત્રણેયના મોત થયા હોવાની આશંકા વ્યક્ત કરવામાં આવી છે.પોલીસે આ દિશામાં વધારે તપાસ હાથ ધરી છે.

નવી સિવિલ અને પોલીસ પાસેથી મળેલી વિગતો મુજબ, હરિપુરા વિસ્તારમાં સોંચ શેરી ખાતે આવેલી સૈયદ મંઝિલના ત્રીજા માળે રહેતા 41 વર્ષીય ફૈઝ અહમદ યુસુફ સૈયદ, તેમની 37 વર્ષીય પત્ની મુબીનાબાનુ અને 12 વર્ષીય પુત્ર નોમાન સોમવારે રાત્રે ઘરમાં સૂઈ ગયા હતા. મંગળવારે સવારે પરિવારના સભ્યોએ ફૈઝને અનેક વખત ફોન કર્યા છતાં કોઈ જવાબ ન મળતાં ચિંતાતુર થઈને તેઓ ઘરે પહોંચ્યા હતા.

ત્યાં દરવાજો અંદરથી બંધ જોતાં, ફૈઝના ભાઈ ઉસ્માન અને આસપાસના લોકોએ દરવાજો તોડીને અંદર પ્રવેશ કર્યો હતો. બેડરૂમમાં દંપતી અને હોલમાં બાળક નોમાનના મૃતદેહ જોતાં તેઓ ચોંકી ગયા હતા. પોલીસને જાણ થતાં જ અધિકારીઓ અને FSLની ટીમ ઘટનાસ્થળે પહોંચીને તપાસ શરૂ કરી હતી. ત્રણેયના મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે સ્મીમેર હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. ઘટનાના પગલે વિસ્તારમાં મોટી સંખ્યામાં લોકો એકઠા થયા હતા અને ભીડ જામી ગઈ હતી.

### પુત્રી નાનીના ઘરે સૂઈ જતા બચી ગઈ

સૂત્રોએ જણાવ્યું હતું કે, ફૈઝ ચાર દિવસ પહેલા ઉમરાહ જઈને આવ્યા હતા. બાદમાં તેઓ હદિયો આપવા પિતાના ઘરે ગયા હતા. ત્યાં મોડું થઇ જતાં ફરીન ત્યાં જ સૂઈ ગઈ હતી. જેથી તેનો બચાવ થયો હતો જોકે માતા પિતા અને ભાઈના નિધન બાદ ૧૪ વર્ષની દીકરી એકલી પડી ગઈ છે. ફરીન કે.એસ. જોશી નામની સ્કૂલના ધોરણ-7માં અભ્યાસ કરે છે. સમાજમાં ભારે શોકની લાગણી ફેલાઈ ગઈ હતી.

### 4 દિવસ પહેલા જ ઉમરાહ કરી આવ્યો હતો

ફૈઝના કાકાએ કહ્યું હતું કે, પરિવાર ચાર દિવસ પહેલાં જ સાઉદી અરેબિયામાં ઉમરાહની યાત્રા કરીને પરત ફર્યો હતો અને તેઓ ખુશીખુશીથી જીવી રહ્યા હતા. મૃતક ફૈઝ કેમિકલના વ્યવસાય સાથે જોડાયેલા હતા અને તેમના બે ભાઈઓ સાથે મળીને પાંડેસરા વિસ્તારમાં મોટો વેપાર કરતાહતા. પરિવારમાં કોઈ વિવાદ કે ઝઘડાના કિસ્સા ...અનુસંધાન પાના 7 પર

### ફોન ન ઉપાડતા ભત્રીજો ઘરે આવ્યો ને બનાવની જાણ થઈ

મૃતકના સંબંધી અને એડવોકેટ ફારુક સૈયદે જણાવ્યું કે, ગઈકાલે રાત્રે આશરે 12 વાગ્યે તેઓ જૂના ઘરેથી અહીં સૂવા માટે આવ્યા હતા. સવારે મારો બીજો ભત્રીજો ઉસ્માને ફૈઝને કેટલાક ફોન કર્યા હતા, પરંતુ તેઓ ફોન ન ઉપાડતા ઉસ્માન ...અનુસંધાન પાના 7 પર

### શરીરમાં કોઇ ઝેરી દવા કે અંશ મળ્યા નથી

"ત્રણેય મૃતદેહના પોસ્ટમોર્ટમમાં પ્રાથમિક દ્રષ્ટિએ ગેસ ગીઝરમાંથી ગેસ લીકેજને કારણે કાર્બન મોનોક્સાઇડના શ્વાસમાં જવાથી ગુંગળામણ ના લક્ષણો જોવા મળ્યા છે. શરીરમાં કોઈ ઝેરી દવા કે અન્ય અંશો મળ્યા નથી. વિવિધ સેમ્પલના રિપોર્ટ આવ્યા બાદ મોતનું સાચું કારણ જાણી શકાશે.

**- ડો. સંદીપ રલોતી ફૌરેન્સિક મેડિસીન ઓફિસર સ્મીમેર''**

MMF અને કપાસ આધારિત વસ્ત્રોને મોટો ફટકો

# યુએસ-બાંગ્લાદેશ ટ્રેડ ડીલથી કાપડ ઉદ્યોગ પર જોખમનાં વાદળો

**સુરત** સહિતના હબ્સ ચિંતિત, ટેરિફ ગેરલાભથી ભારતને 18% સુધીનો ફટકો

સુરતઃ ફેબ્રુઆરી 2026માં પૂર્ણ થયેલા યુએસ-બાંગ્લાદેશ વેપાર કરારે ભારતીય કાપડ ઉદ્યોગ, ખાસ કરીને મેન-મેડ ફાઇબર (MMF) અને કપાસ આધારિત વસ્ત્રો માટે ગંભીર પડકારો ઉભા કર્યા છે. અમેરિકન મૂળના કપાસ અને MMFમાંથી બનેલા બાંગ્લાદેશી વસ્ત્રોને યુએસ બજારમાં શૂન્ય ડ્યુટી પ્રવેશ મળતાં ભારતની અત્યાર સુધીની ખર્ચ આધારિત સ્પર્ધાત્મક ધાર ઉલટી પડી ગઈ છે. ભારતીય વસ્ત્રો પર હાલ યુએસમાં આશરે 18% ટેરિફ લાગુ છે, જ્યારે બાંગ્લાદેશ અમેરિકન કાચા માલનો ઉપયોગ કરે તો તેને ઝીરો-ડ્યુટી એક્સેસ મળે છે. પરિણામે બાંગ્લાદેશને ...અનુસંધાન પાના 7 પર

### સુરતની સપ્લાય ચેઇન પર સીધી અસર

બાંગ્લાદેશ હાલમાં સુરત, માલેગાંવ અને ભિવંડી જેવા કેન્દ્રોથી ગ્રે ફેબ્રિક ખરીદી તૈયાર વસ્ત્રો માટે કરે છે. અંદાજે વાર્ષિક રૂ. 2,000 કરોડનો MMF સંબંધિત વેપાર સુરતથી વાયા કોલકાતા બાંગ્લાદેશ જાય છે. ઉદ્યોગના આગેવાનોએ ચિંતા વ્યક્ત કરી છે કે બાંગ્લાદેશમાં MMF આધારિત વિવિંગ ઇન્ડસ્ટ્રી ન હોવાને કારણે, અમેરિકન કપાસ અથવા યાર્નમાંથી ગ્રે કાપડ કોણ તૈયાર કરશે તે મોટો પ્રશ્ન છે. આ પરિસ્થિતિમાં સુરતથી કોલકાતા મારફતે બિનઅધિકૃત ગ્રે ફેબ્રિકની દાણચોરી વધવાની અને બાંગ્લાદેશમાં ભારતીય કાપડ બ્લેકમાં વેચાવાની સંભાવનાઓ પણ વ્યક્ત થઈ રહી છે.

### ભારતીય કાચા માલથી યુએસ કાચા માલ તરફ વળવાની ભીતિ

આ કરાર બાંગ્લાદેશી ઉત્પાદકોને ઝીરો-ડ્યુટી લાભ માટે ભારતીય કપાસ અને યાર્ન છોડીને અમેરિકન મૂળના ફાઇબર અપનાવવા પ્રોત્સાહિત કરે છે. બાંગ્લાદેશ ભારતીય કપાસ અને યાર્ન માટેનું મોટું નિકાસ બજાર હોવાથી, આ ફેરફાર અપસ્ટ્રીમ ભારતીય કાપડ ઉદ્યોગ માટે જોખમી સાબિત થઈ શકે છે. આ કરારથી MMF અને કોટન બેઝ મુખ્ય કાપડ કેન્દ્રો દબાણમાં છે.સુરત (MMFનું મુખ્ય કેન્દ્ર), તિરુપુર અને પાણીપત જેવા હબ્સમાં માંગ ઘટવાની અને ભાવ સ્પર્ધા વધવાની શક્યતા છે. નિષ્ણાતો કહે છે કે ટૂંકા ગાળે બાંગ્લાદેશને ભારતીય કાચા માલને યુએસ મૂળની સામગ્રીથી બદલવામાં લોજિસ્ટિકલ અને ખર્ચ સંબંધિત પડકારો આવશે, જેથી અસર થોડું શમન થઈ શકે. જોકે લાંબા ગાળે, યુએસ-બાંગ્લાદેશ કરાર હેઠળ શૂન્ય-ડ્યુટી માટે લાયક ઠરતા વસ્ત્રોના જથ્થા અને પ્રકાર પર આધાર રાખીને ભારતીય ઉદ્યોગ પર અસર વધુ ઊંડી બની શકે ...અનુસંધાન પાના 7 પર

# 15 વર્ષની મહેનત બાદ CA બનેલા યુવકનું બેભાન થયા બાદ મોત

**પાલનપોર** ગામ પાસે રહેતા નીરવભાઈનું હાર્ટ એટેકથી મોત થયાની શક્યતા

સુરતઃ પાલનપોર ગામમાં અચાનક બેભાન થઈ ગયેલા CAનું મોત નીપજ્યું હતું. યુવકે 15 વર્ષ સુધી સીએ બનવા માટે સંઘર્ષ કર્યા બાદ સફળતા મળી હતી. યુવકનું હાર્ટએટેકથી મોત થયું હોવાની શક્યતા છે.

પ્રાપ્ત માહિતી અનુસાર, પાલનપોર ગામમાં આવેલા નક્ષત્ર એમ્બેસીમાં 41 વર્ષીય નીરવ દિપક જરીવાલા પત્ની તથા 17 વર્ષીય પુત્રી સહિતના પરિવાર સાથે રહેતા હતા. નીરવ છેલ્લા ચાર વર્ષથી સીએની પ્રેક્ટિસ કરતા હતા.

ગત રાત્રે તેઓ તેમના એક સંબંધીના ઘરે કથાના પ્રસંગમાં હાજરી આપવા માટે ગયા હતા. બાદ આજે વહેલી સવારે નીરવભાઈની અચાનક તબિયત લથડયા બાદ તેઓ બેભાન થઈ ગયા હતા. જેથી પરિવારજનો તેમને તાત્કાલિક સારવાર માટે નવી સિવિલ હોસ્પિટલમાં લઈ ગયા હતા. જ્યાં ફરજ પરના તબીબે તેમને મૃત જાહેર કર્યા હતા. નીરવભાઈનું હાર્ટએટેકથી મોત થયું હોવાની શક્યતા છે.

### નાના ભાઈના લગ્નમાં ગરબા રમતી વખતે ઢળી પડેલા ભાઈનું મોત

**નાના** ભાઈના લગ્નના દિવસે મોટા ભાઈની નનામી ઊઠતા પરિવારની ખુશી શોકમાં ફેરવાઈ

સુરતઃ મોટા વરાછામાં લગ્નમાં ગરબા રમતી વખતે ઢળી પડેલા યુવકનું મોત નીપજ્યું હતું. યુવકનું હાર્ટ એટેકથી મોત થયું હોવાની શક્યતા છે. નાના ભાઈના લગ્નના દિવસે મોટા ભાઈની નનામી ઉઠતા પરિવારની ખુશી શોકમાં ફેરવાઈ ગઈ હતી. મળતી માહિતી અનુસાર, મૂળ ભાવનગર જિલ્લાના વતની આશિષ રમેશ પટેલ (ઉં.વ.37) હાલ મોટા વરાછા ગોપીનાથ હાઇટ્સમાં પરિવાર સાથે રહેતો હતો. આશિષ બાંધકામની સાઇડ પર સુપરવાઇઝર તરીકે નોકરી કરતો હતો. આશિષને અન્ય એક નાનો ભાઈ મયંક અને એક બહેન છે. આશિષના નાના ભાઈ મયંકના આજે મંગળવારે લગ્ન હતા. ગઈકાલે રાત્રે આશિષના ઘરની નીચે પાર્કિંગમાં નાના ભાઈના લગ્ન પ્રસંગ નિમિતે દાંડિયા-રાસ હતા. જેથી તે ગરબા રમતો હતો. દરમિયાન ગરબા રમતી વેળા આશિષ અચાનક બેભાન થઈ જતાં સારવાર માટે ખાનગી હોસ્પિટલમાં ખસેડાયો હતો. જ્યાં ફરજ પરના તબીબે જોઈ તપાસી તેને મૃત જાહેર કર્યો હતો. આશિષનું હાર્ટ એટેકથી મોત નીપજ્યું હોવાની શક્યતા છે. આ અંગે વધુ તપાસ ઉત્રાણ પોલીસ કરી રહી છે.

# ઉત્તરના પવનથી 2.7 ડિગ્રી તાપમાન ઘટ્યું પણ ગરમી નહીં

**વેસ્ટર્ન** ડિસ્ટર્બન્સની અસર, સપ્તાહ બાદ ઉનાળાની અસર વધશે

સુરત શહેરમાં આજે હવામાનમાં આંશિક ફેરફાર જોવા મળ્યો હતો. ઉત્તર દિશામાંથી ફૂંકાયેલા પવનના કારણે મહત્તમ તાપમાનમાં નોંધપાત્ર ઘટાડો નોંધાયો છે છતાં ગરમીનો અનુભવ યથાવત રહ્યો હતો.

હવામાન વિભાગના જણાવ્યા મુજબ શહેરમાં આજે મહત્તમ તાપમાન 2.7 ડિગ્રી ઘટીને 31.8 ડિગ્રી સેલ્સિયસ નોંધાયું હતું, જ્યારે લઘુત્તમ તાપમાન 18.2 ડિગ્રી સેલ્સિયસ રહ્યું હતું. શહેરમાં આજે હવામાં 46 ટકા ભેજ નોંધાયો હતો. સાથે જ 6 કિમી પ્રતિ કલાકની ઝડપે ઉત્તરનો પવન ફૂંકાતા વાતાવરણમાં થોડો ઠંડકનો અહેસાસ થયો હતો. જોકે, આ પવનના કારણે તાપમાનમાં ઘટાડો થયો હોવા છતાં ગરમીમાંથી કોઈ ખાસ રાહત મળી નથી. હવામાન નિષ્ણાતોના જણાવ્યા મુજબ, હાલ ઉનાળાના આગમનના સ્પષ્ટ સંકેતો મળી રહ્યા છે. વહેલી સવારે અનુભવાતી ઠંડી પણ હવે ધીમે ધીમે ગાયબ થતી જઈ રહી છે. દિવસ દરમિયાન સૂર્યતાપનો તીવ્ર અહેસાસ યથાવત રહ્યો છે. આજે સર્જાયેલા એક વેસ્ટર્ન ડિસ્ટર્બન્સના કારણે પવનની દિશા ઉત્તર તરફ થઈ હતી, જેના પરિણામે તાપમાનમાં આંશિક ઘટાડો નોંધાયો છે. જોકે આ અસર તાત્કાલિક હોવાનું હવામાન વિભાગે જણાવ્યું છે. હવામાન વિભાગે આગાહી કરી છે કે આગામી એક અઠવાડિયા બાદ ઠંડી સંપૂર્ણપણે વિદાય લઈ લેશે. ત્યારબાદ સુરત સહિત દક્ષિણ ગુજરાતમાં ઉનાળાની અસર વધુ વધવાની સંભાવના છે અને તાપમાનમાં સતત વધારો જોવા મળી શકે છે.

### શિવરાત્રિમાં ઘીના કમળ ઠરે તે માટે ઠંડી રહે છે

શિયાળો શિવરાત્રિની સાથે પૂર્ણ થાય છે તેવી વાયકા છે. કારણ કે, મહાશિવરાત્રિના દિવસે શિવજીને ઘીના કમળ અર્પણ કરવામાં આવે છે. આ કમળ ઠંડા થાય તેના માટે વાતાવરણમાં કુદરતી રીતે જ ઠંડક રહે છે. શિવરાત્રિ વિતી ગયા બાદ આકરી ગરમી શરુ થાય છે.

વીલ યુ બી માય વેલેન્ટાઇન | શહેરના યુવા હૈયાઓમાં જોવા મળી રહ્યો છે વેલેન્ટાઇન વીકનો થનગનાટ

# 'વેલેન્ટાઈન ડે' માટે બોબોસ બુકેની ધૂમ

**આ સપ્તાહ** પ્રેમી યુગલો માટે સૌથી ખાસ

સુરતઃ વેલેન્ટાઈન વીકની શરૂઆત સાથે જ શહેરમાં પ્રેમ અને લાગણીઓનો માહોલ છવાઈ ગયો છે. આ અવસરે સુરતના બજારો પણ રંગબેરંગી અને આકર્ષક ગિફ્ટોથી સજી ઊઠ્યાં છે. યુવક-યુવતીઓ ઉપરાંત પતિ-પત્ની, બેસ્ટ ફ્રેન્ડ્સ માટે ખાસ તૈયાર કરાયેલાં ગિફ્ટ્સ લોકોનું ધ્યાન ખેંચી રહ્યા છે. ખાસ કરીને આ વર્ષે કસ્ટમાઈઝ ચોકલેટ બુકે અને અનોખા 'બોબોસ બુકે'ની માંગમાં નોંધપાત્ર વધારો થયો છે. મનગમતા મેસેજ, નામ અથવા ખાસ ડિઝાઈન સાથે તૈયાર થતી આ ભેટો યુવાઓમાં ખાસ લોકપ્રિય બની છે. વેલેન્ટાઈન વીકને યાદગાર બનાવવા માટે લોકો હવે પરંપરાગત ભેટો કરતા નવીન અને અનોખા વિકલ્પો પસંદ કરી રહ્યા છે, જેના કારણે સુરતની ...અનુસંધાન પાના 7 પર



### વેલેન્ટાઈન ડે દરમિયાન ટ્રેન્ડિંગ ગિફ્ટ

ટ્રેન્ડિંગ ગિફ્ટની વાત કરવામાં આવે તો મલ્ટી લાઇટિંગ ગ્લાસ વુડનવાળા ડોમમાં સંખ્યાબંધ વેરાયટીઓ આવેલી છે, જેમાં કપલ સ્ટેચ્યુ, ફ્લાવર, હાર્ટ, લવ લખેલા હોય છે. તો બેન્ચીસ પર બેઠેલાં કપલ શોપીસ, ઝુલામાં કપલ શોપીસ, મ્યુઝિકલ ગ્લોબલ શોપીસ, સોફ્ટ ટેડી, ગિફ્ટ ઓફ બોક્સ, લાઇટિંગ મ્યુઝિકલવાળા રોટેટિંગ ગ્લોબ, લવ મીટર, લવ કાર્ડ પોલિસ્ટોનના શોપીસમાં વિવિધ કલર શોપીસ તેમજ લવ લેટર સ્ક્રોલ અને રિવિલિંગ લવ નોટ્સ તદ્દન નવા જ પ્રકારના આવેલા છે. ગોલ્ડન રોઝ, રેડ રોઝ કે જે આકર્ષક ગિફ્ટ બોક્સમાં આવે છે. ...અનુસંધાન પાના 7 પર

### 150થી 2500 રૂપિયા સુધીની ગિફ્ટ

ખાસ કરીને આજના ઓનલાઇન યુગમાં લોકો ઓનલાઈન તો ગિફ્ટ ખરીદતા હોય છે, પરંતુ ઓફલાઈન સ્ટોર પર જઈને એ ગિફ્ટને પ્રત્યક્ષ જોઈને તેને ફિલ કરીને તેમજ તેની ગુણવત્તા જાણીને તેમજ પોતાની ઇચ્છા મુજબ કસ્ટમાઇઝ કરી શકાય છે. ત્યારે લોકો આજે પણ ઓફલાઈન સ્ટોર પર જઈને ખરીદી કરી રહ્યા છે. બજારમાં 150થી 2500 રૂપિયા સુધીની વિવિધ વેલેન્ટાઈન ગિફ્ટ ઉપલબ્ધ છે.

અવસાન/શ્રધ્ધાંજલિની જાહેરાત ઘર બેઠા આપવા માટે સંપર્ક કરો
M.81539 99901
ગુજરાતમિત્ર

આહિર અવસાન-બેસણું



સ્વ. પ્રેમીબેન રતનજીભાઈ આહિર
સ્વ.તા.૧૦/૦૨/૨૦૨૬

દિલગીરી સહ જણાવવાનું કે અમારા માતૃશ્રી પ્રેમીબેન રતનજીભાઈ આહિર નું તા.૧૦/૦૨/૨૦૨૬, મંગળવારના રોજ દુઃખદ અવસાન થયેલ છે. પ્રભુ સદ્દગતના દિવ્ય આત્માને શાશ્વત શાંતિ આપે એ જ પ્રાર્થના.

સદ્દગતનું બેસણું તા.૧૨/૦૨/૨૦૨૬, ગુરૂવારના રોજ સવારે ૧૦:૦૦ થી ૨:૦૦ કલાકે અમારા નિવાસસ્થાને રાખેલ છે. તા.ક.: લૌકિક રિવાજ સદંતર બંધ છે.

શોકાતુર : ઈશ્વરભાઈ વલ્લભભાઈ આહિર
કેયુર હરિશભાઈ આહિર
કિરણ ઈશ્વરભાઈ આહિર
ધવલ ઈશ્વરભાઈ આહિર
નિવાસસ્થાન : વ્હાઈટ હાઉસ, સીંગણપોર, સુરત.

સંયુક્ત બેસણું



સ્વ. ઘનેશભાઈ ફકીરભાઈ પટેલ
સ્વ.તા.૧૦/૨/૨૦૨૬
મંગળવાર

દિલગીરી સાથે જણાવવાનું કે મારા પિતાશ્રી અને અમારા બનેવી ઘનેશભાઈ ફકીરભાઈ પટેલ નું દુઃખદ અવસાન તા.૧૦/૨/૨૦૨૬ ને મંગળવારના રોજ થયેલ છે. પ્રભુ સદ્દગતના આત્માને શાંતિ અર્પે એજ પ્રાર્થના. (લૌકિક રિવાજ સદંતર બંધ છે.)

બેસણાનું સ્થળ/સમય
તા.૧૨/૨/૨૦૨૬, ગુરૂવારના રોજ સવારે ૧૦.૦૦ થી ૧૨.૦૦ કલાકે રાખેલ છે.
સ્થળ : બી-૨, શિવમ સોસા. (માસ્તર મહોલ્લો) રવિનગરની બાજુમાં, અલથાણ, સુરત.
મો. ૯૬૩૮૩૬૬૩૩૩

લિ.
શ્રી દિપકુમાર ઘનેશભાઈ પટેલ (પુત્ર)
સ્વ. ચંપકભાઈ ફકીરભાઈ પટેલ (ભાઈ)
શ્રી ભાર્ગવ ચંપકભાઈ પટેલ (ભત્રીજો)
શ્રી રમેશભાઈ મગનભાઈ પટેલ (ભત્રીજો)
શ્રી સુરેશભાઈ મગનભાઈ પટેલ (ભત્રીજો)
તથા સમસ્ત પરિવાર

શ્વસુરપક્ષ
સ્વ. ઈશ્વરભાઈ ડાહ્યાભાઈ પટેલ
શ્રી જયંતીભાઈ ઈશ્વરભાઈ પટેલ
શ્રી મુકેશભાઈ ઈશ્વરભાઈ પટેલ
શ્રી જૈમીનભાઈ જયંતીભાઈ પટેલ
શ્રી જશભાઈ મુકેશભાઈ પટેલ
તથા સમસ્ત પરિવાર